સ્તોત્ર

મહિમ્ન, નારાયણ કવ

ગીતા, ચતુઃશ્લોકી ભ

સંગીત ગુજર

કર્તા—પ્રભુલાલ પ્રીતમલા

રામનીણાના લેખક, મુ.

બ્હેન માણેક મહેતાજી

સદ્ગત શેઠ લક્ષ્મીદાસ રા

છપાવી

ઠ ગોવર્ધનદાસનાં ધર્મપ.

સને ૧૯૧૫. પ્રથમાવૃત્તિ.

અમદાવાદ: શાહપુર નવીપો

પટેલ ડાહ્યાભાઈ

મુલ્ય.

સૂચના—અમૂલ્ય સ્વીકારવા ન

ॐ

સ્તોત્રષટ્ક

(મહિમ્ન, નારાયણ કવચ, રામરક્ષા, સપ્તશ્લોકી ગીતા, ચતુઃશ્લોકી ભાગવત તથા નર્મદાષ્ટક)

નું

સંગીત ગુજરાતી ભાષાંતર.

કર્તા—પ્રભુલાલ પ્રીતમલાલ પઢીઆર, ચોરવાડકર,
રામવીણાના લેખક, મુ. કેશોદ, હાલ (ગીર) સાસણ.

તથા

બ્હેન માણેક મદનજી મુ. ભાવનગર હાલ કેશોદ.

સદ્ગત શેઠ લક્ષ્મીદાસ રામજી ઠક્કુરના આત્મ કલ્યાણાર્થે

છપાવી પ્રસિદ્ધ કર્તા

શેઠ ગોવર્ધનદાસનાં ધર્મપત્નિ બ્હેન અજવાળી માવજી,

મુ. પોરબંદર.

સને ૧૯૧૫. પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦. સર્વ હક્ક સ્વાધિન.

અમદાવાદઃ શાહાપુર નવાપોળમાં શ્રી પ્રજાહિતાર્થ મુદ્રાલયમા
પટેલ ડાહ્યાભાઇ દલપતરામે છાપ્યું.

મૂલ્ય. અમૂલ્ય.

સૂચના—અમૂલ્ય સ્વીકારવા નહિ ઇચ્છતા જનો માટે ચરેચ્છ.

સૂચના.

આ પુસ્તક સર્વે બંધુ બ્હેનોને અમૂલ્ય આપવા માટે છપાવી તૈયાર કરવામાં આવ્યું છે માટે જેને જોઇતું હોય તેણે મંગાવી લેવું બહાર ગામથી મંગાવનારે માગણી પત્ર સાથે રૂ. ૦—૦—૬ ની ટીકીટ ટપાલ ખર્ચ માટે મોકલાવવા કૃપા કરવી.

જે કોઈ આ પુસ્તક અમૂલ્ય સ્વીકારવા ઇચ્છા નહિ ધરાવતા હોય તેના તરફથી યથેચ્છ જે મૂલ્ય આપવામાં આવશે તે આભાર સહ સ્વીકારવામાં આવશે તથા તેવાં નાણાંમાંથી આવાજ પ્રકારના ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય-પ્રેરક પુસ્તકો છપાવી, ભાવિક ભક્ત જનોને અમૂલ્ય આપવામાં આવશે.

આ પુસ્તક નીચેને શીરનામે લખી મંગાવવા વિ. છે.

શ્રીમતિ બ્હેન અજવાળી માવજી ઠે. સલાટ ચકલામાં
કાનજીશેઠના દવાખાના પાસે. **મુ. પોરબંદર. કાઠીઆવાડ.**

અગર

બ્હેન માણેક મદનજી c/o ઠક્કુર પુરૂષોત્તમ નાનજી
રામવીણાના પ્રકાશક. મુ. કેશોદ. કાઠીઆવાડ.

ૐ

બ્રહ્માર્પણમ્

અર્પણપત્રિકા.

જેના સન્માર્ગે ઉપાર્જીત થયેલા દ્રવ્યવડે આ સ્તોત્રષટક્ જનસેવા અર્થે પ્રકટ થાય છે તથા જેના પવિત્ર સહવાસ વડે મને પ્રભુ પરાયણ થવા સુયોગ સાંપડયો તેમના પવિત્ર આત્માની અખંડ શાંતિ અને આત્મ કલ્યાણ અર્થે સર્વ ભગવદ્ ભકતોને સન્માનપૂર્વક સમર્પણ.

વિ. આપની દીન બ્હેન

(સહી) અજવાળી માવજી

ના સા. દં. પ્રણામ સહ જયશ્રી હરિ.

(સોરઠ ગઝલ.)

કુસંગમાં કષ્ટો મળે, સુસંગમાં સુખ થાય છે;
મોહોબત કરો જેવા જને, તેવોજ લાભ પમાય છે. કુસંગ.
તેલ વેળુમાં નથી, જળમાં કહો ઘૃત કયાં હતું,
મિથ્યા વલોવી પીલતાં, ફળ જે મળે જગમાં છતું. કુસંગ.
વૃક્ષ મોટું આંબલી, પણ પાન નાનાં જો મળ્યાં,
છુટાં છવાયાં વાંકડાં, ખાટાં ફળો સહેજે રળ્યાં. કુસંગ.
છે ઝાડ નાનું કેળનું, પત્રો મળ્યાં મોટાં મહા,
ફળ એક સંગે લાગતાં, મીઠાં મધુરાં જો અહા ? કુસંગ.
ઉચ્ચ વાયુને પ્રસંગે, ધૂળ આકાશે જતી,
નીચી ગતી વાળા, જળેથી, કીચરૂપે તે થતી. કુસંગ.
મરશે અવર કુસંગમાં, સુસંગથી મૃત જીવન્તું;
પ્રભુરામ સંગીત સાથમાં, પ્રેમે ભળીજા જીવ તું. કુસગ.

રાગ ભૈરવ.

જનના અવગુણ હરિ શે લેશે,
શે લેશે હરિ શે લેશે.— જનના.
સેનાની શી વાત હતી તે, નાથ જવાબ શું ના દેશે.
પારાધીનાં કર્મો કહેતાં, રામ સંતાઇ શું રહેશે. જનના.
વાનર રીંછો વ્હાલાં કર્યાં કાં, કેમ મળ્યા પશુને વેશે. જનના.
દાસ પ્રભુ ભજ રામ દયાળુ, પ્રેમ પીછાણી દીલ લેશે. જનના.

પ્રભુલાલ પ્રીતમલાલ કૃત રામવીણામાંથી.

॥ ॐ ॥

નિવેદન.

પ્રિય આત્મ સ્વરૂપ સ્વબંધુઓ તથા સ્વબ્હેનો ! આ સ્તોત્ર-અષ્ટક આપની સેવામાં સાદર કરતાં મહદાનંદ થાય છે. એની મહત્તા એ પોતેજ પ્રકટ કરાવે ત્યાં દીપક વડે સૂર્ય બનેવા જેવું મારે કથન કરવું તે તદ્દન નિરર્થક જ છે. સંસ્કૃત ભાષાથી અજ્ઞાન ભાઇઓ બ્હેનોને આ ભાષાંતરથી અર્થાનુભવ રૂપી લાભ થશે અને સહજ સરળતાથી કંઠસ્થ થઇ શકશે એવી ઉમેદથી આ ભાષાંતરની પ્રવૃતિ થઇ છે. પ્રભુ તે સફળ કરો. રામ.

પોરબંદર નિવાસી સદ્ગત શેઠ લક્ષ્મીદાસ રામજી ઠકકુરના ધર્માદા ફંડના ટ્રષ્ટિ શેઠ ગોવર્ધનદાસનાં ધર્મપત્નિ સુજ્ઞ અજવાળી બ્હેને ઉદાર ભાવથી શેઠ લક્ષ્મીદાસના ફંડમાંથી ખર્ચ કરી આ પુસ્તક છપાવી પરમાર્થે અમુલ્ય આપવા ઉદારતા દર્શાવી છે તે ખાતે તે સુજ્ઞ બ્હેનને ધન્યવાદ સાથ સદ્ગત શેઠ લક્ષ્મીદાસના પવિત્ર આત્માને પ્રભુ અખંડ શાંતિ આપો એવી પ્રાર્થના છે.

સુજ્ઞ અજવાળી બ્હેન અતિ નાની વયમાં પતિ પરલોકવાસી થયા છતાં પણ પોતાની એક નિષ્ટતા જાળવી ધર્મ કાર્યમાં આગળ વધે છે અને વૃદ્ધ-ગંગા-સ્વરૂપ માતુશ્રીની છત્ર-છાયામાં રહી પૂજ્ય અહર્નિશ મહારાજ શ્રીમન્નથુરામ શર્માજીનાં શિષ્યા બની તેઓશ્રીના

પરમોપદેશના પરિણામે અતિ ઉચ્ચત્તર આદર્શ રૂપ જીવન ગાળી અનેકને પોતાને પવિત્ર પંથે દોરે છે અને પોતાનું આત્મ કલ્યાણ સાધે છે, તથા સંધાવવા પ્રયત્ન શીલ રહે છે. એવા સર્વોત્તમ સદ્‌ગુણો વડે આકર્ષાઇ આંતર પ્રાર્થના પ્રભુ પ્રત્યે થઇ જાય છે કે તે પરમ કૃપાળુ દીનબંધુ હરિ તેમનું સતત કલ્યાણ કરો.

આ પુસ્તકને લગતું સર્વ પ્રેસ સંબંધી કાર્ય મારા સન્મિત્ર રા. રા. નવનિધરાય ઇચ્છાશંકર કોકાણી, જુનાગઢ નિવાસીએ સંભાળી લઈ મારા પર મહાન ઉપકાર કર્યો છે તે આભાર પ્રદર્શીત કરતાં આનંદ થાય છે.

ભુલ ચૂક માટે ક્ષમાની યાચના કરતાં સર્વ ભાવિક ભાઇઓ અને બ્હેનો આ સ્તોત્ર પટકનો લાભ લઇ આત્મોન્નતિ પ્રાપ્ત કરો એજ જીજ્ઞાસા ! રામ.

શ્રી અમદાવાદ "પ્રજાહિતાર્થ" મુદ્રાલયના વ્યવસ્થાપક મે. ડાહ્યાભાઇ દલપતરામ પટેલે આ પુસ્તક તથા આવા જ ઉદ્દેશથી આ લેખકનું શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું સંગીત ભાષાંતર ઘણીજ ટુંક મુદતે તૈયાર કરી આપવામાં જે સાહનૂભૂત્તિ ભર્યો ભાગ ભજવ્યો છે તે ખાતે તેનો આભાર અત્રે પ્રદર્શીત કરૂં છું.

મુ. સાસણ, (ગીર)
સંસ્થાન જુનાગઢ.
સંવત ૧૯૭૨
કાર્તિક શુદી ૧

વિ. દાસાનુંદાસ.

ભાષાંતર કર્તા,

ભાઇ બ્હેનના સીતારામ.

॥ ॐ ॥

શ્રી મહિમ્ન સ્તોત્ર.

છંદોબદ્ધ ગુજરાતી ભાષાંતર.

હરીગીત છંદ.

સ્તુતિ વાક્ય જો બ્રહ્માદિનાં પણ આપમાં તો નિષ્ફળા,
અજ્ઞાની પરમ અયોગ્ય રળવા પાર તવ મહિમા કળા;
ઠપકો ન તેથી અપાય સૌ નિજ મતિ સમાને ગુણગણે,
કટીબદ્ધતા સ્તવવા તમોને, યોગ્ય મુજ પણ હર ! ભણે. ૧
ઓળંગી તવ મહિમા ગયો, મન વચન પથ નક્કી અરે !
વ્યાવૃત્તિથી ચકિત શ્રુતિ પણ આ જ પ્રતિપાદન કરે;
તે અમિત ગુણ સ્તુતિ યોગ્ય કોથી વિષય કદી ન કરાય છે,
પણ સ્વરૂપ અવતારે વચન મન કોણનાં નહીં જાય છે ? ૨
મધુ મીઠી પરમ સુધામયી ઉપજાવતા વાણી ખરે,
તે બ્રહ્મ વિસ્મય ! આપને, સુર ગુરૂ વચન પણ શું કરે ?
તવ ગુણ કથન પુણ્યે પવિત્રજ વાણી મમ આતો કરૂં,
તે હેતુથી આ ઉદ્યમે, ત્રિપુરારી બુદ્ધિ હું ધરૂં. ૩
જે શક્તિ તવ તે ઉદય રક્ષા પ્રલય જગ જેથી કરી,
પ્રકટી ત્રિવેદી વસ્તુ તે, ત્રિગુણે જુદી ત્રણ તન ધરી;

હે ! વરદ ! આમાં પાપીઓ, ભુંડા લવારો બહુ ગણી,
જે કોઇ કરે તે ઘાતકી જડ બુદ્ધિ અહિં મુરખ મણી.૪
ચેષ્ટા કયી કયા તન ઉપાયે નક્કી તે ત્રય લોકને,
આધાર કર્ત્તા શું ઉપાદાને, કરે કો લોકને;
તવ શક્તિ એમ અતકર્યમાં, ભુંડા નકામા મુર્ખ એ,
જગ મોહ માટે આ કુતર્કો, કરે કોઇ વાચાળ તે.પ
છે લોક અવયવ વાન તેથી, જગ અજન્મા ન બનશે,
જો ના અધિષ્ઠાતા પછી, જગ ઉત્પત્તિ લય શે થશે;
જો અન્ય કર્ત્તા ઇશ વિના, જગકૃતિમાં સામગ્રી કઇ,
તો એ અમરવર ! તવ પ્રતિ, મંદો રહે શક્તિ થઇ.૬
ત્રયી વેદ પશુપત યોગ વૈષ્ણવ સાંખ્ય મત જુદા જુદા,
ગણી શ્રેષ્ટ હિતકર એમ આ, જન મન અનુસરતા મુદા;
વાંકા સીધા એ ભિન્ન પંથે, રૂચી વિચિત્ર પણા વડે,
જન જાય પણ તવમાં મળે, નદી નીર જ્યમ દરિએ પડે.૭
મૃગચર્મ ઘરડો બળદ ફરશી, ભસ્મ સર્પ કપાલ એ,
ખટ્વાંગ તવ નિર્વાહ ગ્રહ સામગ્રી આવી કૃપાલ છે;
પણ વરદ ! દેવો તવ કૃપા દૃષ્ટે દીધી સંપત્તિ ધરે,
મૃગજળ વિષય તૃષ્ણા ન, સ્વાત્મારામને મોહિત કરે.૮
જગ સૌ કહે આ નિત્ય કોઇ અનિત્ય સકળ કહે બીજા,
વળી ભિન્ન વિષયથી સુષ્ટિ આજ અનિત્ય નિત્ય કહે ત્રીજા;
હે ! પુરમથન ! આ સર્વમાં, પણ ચકિત પેઠે હું ફરૂં,
ખરીધૃષ્ટતા બકવાદ હા ! લાજું ન સ્તુતિ તવ આ કરૂં.૯

અતિ તેજ રાશી ગિરીશ! તવ ઐશ્વર્ય યત્ને માપવા,
અજ ઉપર નીચે હરિ ગયા, પણ શક્ત પૂરા ના હવા;
ભરપૂર શ્રદ્ધા ભક્તિથી પછી તવ સ્તુતિ કરી ટળવળે,
સ્વયમેવ ત્યાં તેને પ્રકાશ્યા, સેવ તવ શું ના ફળે ?૧૦
રણ ખરજવાળા કર ધર્યાં, ત્રિભુવન વિના વેરે મર્યું,
પામ્યો દશાનન, ત્રિપુરહર! એ કાજ સૌ તવથી સર્યું;
તવ પદ કમળ શીર કમળ બળિ દઈ, એ રચ્યો વૈભવ મહા,
આ આપની ભક્તિ તણો સ્થિર છે પ્રતાપ બધો અહા!૧૧
ભુજવન વિશાળ બળિષ્ટ પામ્યો આપની સેવા વડે,
પણ વાસ તવ કૈલાસ ઉચક્યો હા! પરાક્રમી બળ વડે;
અંગુષ્ઠ શિર હલતાં જરા તવ દબાણો પાતાળમાં,
આપે કર્યો સ્થિર નક્કી ખળ મોહેજ પોષણ કાળમાં.૧૨
જે ઇંદ્રની સંપત્તિ પણ હે! વરદ! મોટી અતિ ઘણી,
છે દાસ પેઠે વશ ત્રિલોકી, તુચ્છ તે બાણો ગણી;
તવ ચરણ શીર ઝુકાવનારામાં વિચિત્રજ એ નથી,
તવ ચરણ શીર અવનત થતાં, પણ ઉન્નતિ થતી શું નથી.૧૩
હા! દેવ દૈત્ય અકાળ ક્ષય બ્રહ્માંડથી ચકિતે થયા,
ત્યાં દયા લાવી કાળકુટ ત્રિનેત્ર આપજ પી ગયા;
નીલ ડાઘ શોભારૂપ કંઠે, આપને નથી શું થતો,
હા! ભુવન ભયહર! વ્યસનીને વિકાર પણ શ્લાઘ્યજ થતો ૧૪
જગ નિત્ય વિજયી બાણ જેનાં, સુર અસુર નરમાં કહી,
પણ અફળ થઈ પાછાં વળે નહિ, કામ હે! ઇશ તવ મહી;
જોઇ અન્ય સુર સામાન્ય તમને દ્વેષતાં સ્મરણે રહ્યો,

જીતાત્માનો પરિભવ ચહે, હિતકર નથી નક્કી કહ્યો.૧૫
સહસાજ શંકાશીલ પૃથ્વી થાય પદ આઘાતથી,
ગ્રહગણ પીડાય ગગન ભમે, ભુજ પરિઘના અફળાટથી;
તટ વાગતાં છુટી જટા, સ્વર્ગે રહ્યું છે ખળભળી,
જગ રક્ષણાર્થે નાચ તવ, પ્રભુતા અહો ઉલટી વળી.૧૬
વ્યાપક ગગન તારાગણો, પડવા વડે ફીણ વધી ગયાં,
તે તવ શીરે બિંદુથી નાનાં, પ્રવાહે ગંગા થયાં;
તેણે કર્યું જગ જલધિ કંકણ દ્વીપ આકારે અહા!
હું જાણું એથી એમ મહિમા, દિવ્ય વપુ તવ આ મહા.૧૭
રથ પૃથ્વિ બ્રહ્મા સારથી, મેરૂ ધનુષ હરિ બાણ છે,
વળી ચંદ્ર સુરજ ચક્રમાં, એમ ડોળનું ન પ્રમાણ છે;
ઇચ્છા ત્રિપુર તૃણ બાળવા, આ શો તમારો ઠાઠ છે,
સંકલ્પ પ્રભુ પરતંત્રના, નક્કી રમત નવ પાઠ છે.૧૮
તવ ચરણ કમળ પુજે હરિ લઈ કમળ એક હજારથી,
ઘટ્યું એક અર્પ્યું અર્થ તે નિજ નેત્ર પંકજ પ્યારથી;
ભક્તિ મહત્તાથીજ પામ્યા ચક્રરૂપે આપને,
ત્રય લોક રક્ષા માટ પુરહર! જાગતા જગ બાપને.૧૯
ફળ યજ્ઞ કૃત લય યજ્ઞ થાતાં આપ જાગ્રતમાં વસે,
ફળદા પુરૂષ આરાધના વિણ કર્મ નાશ ફળે કશે;
ફળદાન દાતા યજ્ઞમાં છો આપ તે દેખી ખરે!
કટીબદ્ધતા દૃઢ વેદ શ્રદ્ધાથી જનો કર્મો કરે.૨૦

ઋષિયો વિષે ઋત્વિક ડાહ્યો ક્રિયા દક્ષ પ્રજાપતિ;
હે! શરણદા! તે યજ્ઞ કર્ત્તા, દેવ સર્વ સભાપતિ;
ફળ યજ્ઞ લેવા શક્ત તોયે, યજ્ઞ નાશ તમે કર્યે,
શ્રદ્ધા રહિત તે યજ્ઞ તેના નાશ અર્થે નક્કી ઠર્યે.૨૧
હરણી રૂપે નિજ પુત્રીમાં, હે! નાથ! બ્રહ્મા કામથી,
રમવા ચહી મૃગ તન ધરી, દોડયા તમે ત્યાં હાથથી;
ધરી ચાપ શર છોડયું ગયા અજ સ્વર્ગ પણ શરહત ગણી,
હજુએ ડરે મૃગ વ્યાધ બાણ ન પીઠ મૂકે તે તણી.૨૨
લાવણ્ય ઉમીયા આશમાં ધૃત ધનુષ કામ ક્ષણેકમાં,
તૃણવત દહ્યો સાક્ષાત દીઠું, પુરમથન! પણ ટેકમાં;
સ્ત્રીવશપણું જો દેવી કલ્પે, અર્ધ તન કરવા વડે,
યમ નિરત યુવતી અરા એમજ ખેદથી વદવું પડે.૨૩
ક્રીડા સ્મશાને સ્મરહરા! સહચર પીશાચો જાણીએ,
નર ખોપરીની માળ લેપી રાખ ચેહ સામગ્રી એ;
ચાતું અમંગલ શીલ અખિલ તવ નામ વરદ! યથાક્રમે,
ભજનારને મંગળ પરમ વરદાની છો તો પણ તમે.૨૪
મન રોકી ચિત્તે વિધિ પ્રમાણે પ્રાણ ધારણ કરી જદા,
રોમાંચ હર્ષ પુરે વહે પ્રેમાશ્રુ જળ નયને તદા;
અમૃત હૃદે ડુબ્યા સમો આહ્લાદ પુર્ણ જણાય છે,
જે યોગી ધરતા તત્ત્વ અંતર તેજ આપ ભણાય છે.૨૫
તું સુર્ય ચંદ્રજ તું પવન તું છેજ અગ્નિ તુંજ છે,

તું ગગન તું પાણી પૃથ્વી તુંજ આત્મા તુંજ છે;
પરિછિન્ન વાણી તવ વિષે શિષ્ટો ભલે ધારે 'અમે
તે તત્ત્વ જાણ્યું ના અહિં જે છે ન તે તું' જગ નમે.૨૬
ત્રણ વેદ વૃત્તિ ત્રણ ત્રિભુવન દેવ ત્રણ ત્રણ અક્ષરે,
આદિ અકાર વિકાર વોણું સ્પષ્ટ તત્ત્વ થતું અરે!
ધ્વનિ સુક્ષ્મથી જે ગરજતું, તવ તુરીય ધામ જણાય છે,
તવ ભિન્ન સઘળું શરણુદા! ૐકાર રૂપ વદાય છે.૨૭
ભવ સર્વ રૂદ્ર પશુ પતિને, ઉગ્ર સહ મહાદેવજી,
વળી ભીમને ઇશાન અષ્ટક એમ નામ તણું ભજી;
હે દેવ! શ્રુતિ પણ સાવધાન પ્રવર્ત્તતિ પ્રત્યેકમાં,
તે પ્રેમ સ્વરૂપે વિહિત તમને હું નમુંજ અનેકમાં. ૨૮
અતિ નજીકને નમું પ્રિય દવા, અતિ દૂર પણ નમું તવપદે
અતિ સુક્ષ્મને નમું સ્મરહરા! અતિ મહદ પણ નમું તવપદે;
અતિ વૃદ્ધને નમું ને ત્રિનેત્ર અતિ યુવાન પદે; નમું.
તે આ બધું છો આપ જાણી, સો સ્વરૂપ તવ પદ નમું. ૨૯
જગ ઉત્પતિ સમયે બહુ રજરૂપ ભવપદ નમું નમું
સંહારમાં તે પ્રબળ તામસ રૂપ હર પદ નમું નમું;
જન સુખાકારી સત્વ વૃદ્ધિ રૂપ મૃડ પદ નમું નમું,
અતિ તેજ સ્વરૂપે ત્રિગુણ પર હું સત્ય શિવપદ નમું નમું.૩૦
વળી કલેશવશને અલ્પ શક્તિવાળું મારૂ ચિત્ત કયાં,
ને ગુણ સીમા ઉલ્લંઘનારી, તવ વિભુતિ અચળ કયાં;

એવા ચકિત મુજને વરદ! કરી પ્રેરણુ તવ ભક્તિ એ,
તવ ચરણુ ભેટ વચન કમળની, અર્પું ઝટ તવ શક્તિ એ.૩૧
કદી નીલગિરિ સમ કાજળે કરી શાહિ સિંધુ પાત્રમાં,
વરકલ્પ-વૃક્ષની ડાળિયોથી, પૃથ્વી રૂપી પત્રમાં;
લખવાજ મંડે શારદા જો, સર્વ કાળ તથાપિ હા,
હે! ઈશ! તવ ગુણુ તોય પાર પમાય દેવ કદાપિ ના.૩૨
પુજાયલા જે ચંદ્રચુડ સુર અસુર મોટા મુનિવડે,
નિર્ગુણ ઈશ્વર ગુણ મહિમા ગુંથીયો શક્તિ વડે;
તે સકળ ગુણમાં શ્રેષ્ઠ નામે પુષ્પદંતાચાર્ય એ,
આ સ્તોત્ર સુંદર મહદછંદે, કર્યું ભાવિક આર્ય એ.૩૩
નિર્દોષ ધુર્જટી સ્તોત્ર રોજે રોજ આ પાઠે કરે,
જે પુરૂષ ચિતે શુદ્ધ ઉત્તમ ભક્તિથી હૈયે ધરે;
આ લોકમાં બહુ આયુ ધન પુત્રાદિ કીર્તિવંત થઇ,
શિવલોકમાં બની રૂદ્ર તુલ્ય, વસે અચળ હા! તે જઈ.૩૪
નથી દેવ શ્રેષ્ઠ મહેશથી, સ્તુતિ શ્રેષ્ઠ છે ન મહિમ્નથી
નથી શ્રેષ્ઠ તત્વ ગુરૂ થકી, નથી મંત્ર શ્રેષ્ઠ અઘોરથી;
દાન દીક્ષા તીર્થ તપને, જ્ઞાન યાગાદિ ક્રિયા,
આ મહિમ્ન સ્તવ પાઠની યોગ્યે ન તે સોળમી કળા.૩૫
છે કુસુમ દશન સુનામ જેનું, રાજ સો ગંધર્વનો,
તે દાસ સીશું શશી શિરધરા, દેવાધ દેવા શર્વનો;
નિજ શક્તિ ભ્રષ્ટ નક્કી થતાં હરકોપથી જાણ્યું જદા,
આ દિવ્ય દિવ્ય મહિમ્ન સ્તવ, તેણે કર્યું પ્રેમે તદા.૩૬

આ સ્વર્ગ મોક્ષનું બીજ એકજ, સુર મુનિવર પુજ્ય જે,
કરજોડી એકજ ચિતથી, કદી જો ભણેજ મનુષ્ય તે;
કિન્નર સ્તુતિ તેની કરે તે જાય શિવ સમીપમાં,
આ પુષ્પદંત રચીત ફળદા સ્તવ રવી સ્તવ દીપમાં.૩૭
શ્રી પુષ્પદંત કમળ મુખેથી નીકળેલું સ્તવન આ,
હરપાપ, હરપ્રિય કંઠ ઇંદ્રિયજીત રાખે સજનહા;
તે પાઠ કરતાં બહુ પ્રસન્ન મહેશ થાતા ભુતપતિ,
એક બે કે કાળ ત્રણ જે, પાઠ કરશે શુભમતિ.૩૮
તે પાપથી છુટા થઇ શિવ લોક પૂજાશે સદા
અહિં આ સમાસજ સ્તોત્ર છે ગંધર્વ ભાષિત પુણ્યદા;
મનહર અનુપમ વાણી મય પૂજા શ્રી શંકર પાદમાં,
દેવેશને તે અર્પી મેં, શિવ પ્રેમ ભાવે એમ આ.૩૯
તવ તત્ત્વ જાણું નહિ મહેશ્વર, આપ કેવા છો અહા
જેવાજ હો તેવાજ શિવ હું, નમું નમું તવ પદ મહા,
મણિરામ પ્રભુતા મોંઘી જે. માણિકય સમ ઝળકી રહો,
હર હર કૃપાળુ દેવ શંભુ એક વાર હજી કહો.૪૦

ઇતિ શ્રી પુષ્પદંત ગંધર્વરાજ વિરચીત મહિમ્ન
સ્તોત્રનું ગુજરાતિ ભાષાંતર સંપુર્ણ

॥ ૐ ॥

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ ૐ ॥

શ્રી રામરક્ષા સ્તોત્ર.

સંગીત.

પદ ૧ લું. રાગ પુનમચાંદની.

શત કોટી વિસ્તાર અનંતે રામ ચરિત્રનોરે,
એકેક અક્ષર નરના મહા પાપ મહા હણનાર;
નીલ કમળ તન પંકજ નેત્ર ધ્યાન એ રામનું રે,
શોભિત જટા મુકુટ સીતા લક્ષ્મણ સહચાર; ટેક.

દૈત્ય વિનાશક કર અસિ તૂણ બાણને ચાપ,
નિજ લીલા જગ રક્ષણે, પ્રગટયા અજ વિભુ આપ;

સમજી ભણે રામ રક્ષા પાપદની કામદા રે,
મમ શિર રાઘવ રક્ષે, દશરથ પુત્રજ ભાલ;
કૌશલ્યા સુત નેત્રે શ્રુતિ પ્રિય વિશ્વામિત્રનારે,
નાકે મખ ત્રાતા મૂખ લક્ષ્મણ વ્હાલા લાલ. શત. ૧

રક્ષ જીભ વિદ્યા નિધિ, કંઠ ભરત વંદીત,
સ્કંધે દિવ્યાયુધ ભુજે, ધનુષ ભંગ પંડીત.

હ્રદયે ભાર્ગવ જીત સીતાપતિ કર મમ રક્ષજો રે,
નાભી જાંબવાન આશ્રય ખર ધ્વંસી મધ્ય;
કટીએ સુગ્રીવેશ હનુમાન પ્રભુ બે સાથળેરે,
ઉરૂ મમ રઘુત્તમ રક્ષો, રાક્ષસ કુળ કૃત્ય વધ્ય. શા૦ ૨

જાનુ સેતુકૃત રક્ષજો, દશમુખ અંતક જાંગ,
વિભિષણ શ્રી દાતા પગે, રામ અખિલ મમ અંગ.

સુકૃતિ પાઠ કરે એ રીત રામ રક્ષા બળી રે,
દીર્ઘાયુ સુખી પુત્રી વિજયી વિનયી થાય;
પાતાળે ભુ વ્યોમે ગુપ્ત ફરે જે રાક્ષસો રે,
રક્ષિત રામનામ જોવા પણ શક્તા ન થાય. શા૦ ૩

રામ ભદ્ર! હા! રામ હા! રામચંદ્ર! ભજનાર,
નર પાપે લેપાયે ના, ભુક્તિ મુક્તિ રળનાર.

જગજીત રામ નામ મંત્રે રક્ષા છે જે વિષે રે,
કંઠે ધારે આ તેને સૌ સિદ્ધિ હાથ;
પીંજર વજ્ર કવચ આ રામ સ્મરે જે તે રગેરે,
મંગળ જયને સૌમાં અભંગ આજ્ઞા સાથ. શા૦ ૪

પદ ૨ જું. રાગ સદર.

સ્વપ્ને જેમ હરે આ રક્ષા રામ કહી મહારે,
બુધ વિશ્વામિત્રે લખી જાગી તેમજ પ્રાત;
બગીચો કલ્પતરૂનો સર્વ આપદા વિરામ એ રે,
ત્રિલોક શાંતિ દાતા રામ પ્રભુ પ્રખ્યાત. સ્તા૦ ટેક.

તરૂણ રૂપવાળા પ્રભુ, મહાબળી સુકુમાર;
વસ્ત્ર કૃષ્ણ મૃગચર્મને, કમળ નેત્ર સુવિશાળ.
તાપસ બ્રહ્મચારી ફળ મુળ ભક્ષી અતિ દાંત છેરે,
દશરથ પુત્રો ભ્રાતા લક્ષ્મણ રામ રસાળ;
શરણું સર્વ જીવનું ધનુષ ધારીમાં શ્રેષ્ઠ તેરે,
રાક્ષસ કુળ હંતા તારો નમું રઘુત્તમ બાળ. સ્વ૦ ૧.
સજ ધનુષ કર શર અને; અક્ષય ભાથાં સાથ;
રામ અનુજ સહ રક્ષવા, પંથ ગ્રહો મમ હાથ.
ભાથી કવચી ખડગી બાણ ધનુધર યુવાન તેરે,
રક્ષો પંથે સાનુજ રામ મનોરથ મૂજ;
દાશરથી શૂરા લક્ષ્મણ અનુચર બળી રામજીરે,
રઘુત્તમ પુર્ણ પુરૂષ કાકુત્સ કૌશલ્યાનંદ.
પુરૂષોત્તમ પુરાણ યજ્ઞેશ જાનકી વલ્લભારે,
અમિત પરાક્રમ શોભન છો વેદાંતે વેદ્ય. સ્વ૦ ૨.
એમ જપે છે નિત્ય જે, શ્રદ્ધાળુ હરિદાસ,
અધિક પુણ્ય નક્કી રળે, અશ્વમેધથી ખાસ.
પીતાંબર ધર પંકજ નેત્ર રામ ઘનશ્યામજી રે,
નામે દિવ્ય સ્તવે જન જન્મ મરણ ટળી જાય;
મોટા રામ અનુજથી સુંદર રઘુવર સીતા પતિરે,
ગુણ નિધિ કરૂણા સિંધુ સત્ય સિંધુ રઘુરાય સ્વ૦ ૩.
દશરથ તન ધાર્મિક અતિ, શ્યામલ મુર્તિશાંત,
વિપ્ર પ્રિયે રાજેંદ્ર છો, રાવણારિ સિય કાંત.

રઘુકુળ તિલક રાઘવ હે ! કાકુત્સ્થ કૃપાનિધિ રે,
નમું હું લોકોને આનંદ તણા દેનાર;
રામ સુરાસ ભદ્રને રામચંદ્ર સીતાપતિરે.
હે ! રઘુનાથ ! નાથ ! તવ પદ નમું કર સ્વિકાર. ૨૫૦ ૪

પદ ૩ જું. રાગ સદર.

શ્રી રઘુનંદન રામજ રામજ રામજ રામજી રે,
શ્રી ભરતાગ્રજ રામજી રામજ રામજ રામ;
હું શ્રી રામચંદ્ર પદ સંભારૂં મનથી અતિ રે,
હું શ્રી રામચંદ્ર પદ વચને ગાઉં રામ. શ્રી૦ ટેક.
શિર નમું શ્રી રામને, રામચંદ્ર પદ હુંજ,
શરણ ગ્રહું શ્રી રામનું રામચંદ્ર પદ હુંજ;
માતા રામ પિતા મમ રામચંદ્ર સ્વામી ખરારે,
રામજ રામચંદ્ર મમ સખો ગણું શિરતાજ.
મારૂં રામચંદ્ર સર્વસ્વજ એક દયાળ છેરે,
અન્ય ન જાણું ન જાણું ન જાણું ગરિબ નિવાજ શ્રી૦ ૧
લક્ષ્મણ જમણી બાજુએ, સીતા અંગે વામ;
આગળ મારૂતિ વંદુ તે, રઘુનંદન શ્રી રામ.
રાજીવ નેત્ર રઘુકુળ નાથ લોક આનંદદારે,
ધીરા રણ રંગી કરૂણાકર કરૂણાવાન;
એ શ્રી રામચંદ્ર શર્ણે હું પડવા પ્રેમથી રે,
મારૂં સર્વ સુધારો રામજ શ્રી ભગવાન શ્રી૦ ૨
તુલ્ય ગતિ વાયુ સમી, ને મન જેવો વેગ;

ઉત્તમ બુદ્ધિવાનમાં, જીતેંદ્રિય બહુ તેગ.
વાનર યુથે મુખીયા વાયુ પુત્ર અતિ બળીરે,
તે શ્રી રામદુત શરણે હું હુંજ બખીલ;
કવિતા ડાળે બેસી મધુર મધુર હા ! અક્ષરે રે,
ટહુકે રામ રામ વંદુ વાલ્મિક કોકિલ શ્રી. ૩
સર્વ સંપત્તિ આપતા, લોક શાંતિ દેનાર;
આપદ હર શ્રી રામને, હું નમું વારંવાર.
મુંજે બીજ સુખ સંપત્તિને શુદ્ધિ કરે રે,
યમદુતને તરછોડે ગર્જન રામજ રામ.
રામજ રાજમણિ વિજયી નિત્યેજ રમેશ છે રે,
ભજું હું રામ હણ્યાયું જેથી રાક્ષસ સેન;
નમું હું તેજ રામ જેનાથી શ્રેષ્ઠ ન ઠામકો રે,
સર્વોત્તમ એ રામ તણો હું દાસજ એન, શ્રી. ૪
નિત્ય ચિત્ત મારૂં થજો, રામચંદ્રમાં લીન;
રામ મને ઉદ્ધારીને, દેજો ભક્તિ પીન.
રામેતિ રામેતિ રામેતિ રામેતિ એ રે,
મન ઉર્મીમાં નિત્યે રમતા રહેજો રામ.
રામ સુનામ હજારો તુલ્યજ છેજ વરાનને રે,
વારંવાર નમી ભજવા ઝટ હા ! મણિરામ. શ્રી. ૫
રામ રક્ષા ગુ૦ ભા૦ સમાપ્ત.
॥ ૐ ॥
શાંતિઃ શાંતિઃ શાંતિઃ
॥ ૐ ॥

નર્મદાષ્ટનું ભાષાંતર.

નારાચ છંદ.

સુબિંદુ સિંધુ શા ત્વરિત શોભિતા તરંગ હા,
કુશત્રુ પાપ વૃંદ હારિ વારિ યુક્ત રંગ હા;
કૃતાંત દૂત કાળ ભૂત ભીતિ હારિ વર્મદા,
પદે સુકંજ આપને નમું હું દેવી નર્મદા. ૧

સ્વ નીર લીન દીન મીન દિવ્યતા પ્રદાયિની,
કલી મલૌઘ ભાર હારિ સર્વ તીર્થ સ્વામિનિ;
સુ મચ્છ કચ્છ નક્ર ચક્ર ચક્રવાક શાંતિદા. પદે૦ ૨

અતિ ગંભીર નીર પૂર પાપ ધૂત કંપ ભૂ,
સમસ્ત પાપ શત્રુ તે વિપત્તિ શૈલ ત્રોડ તું;
કૃતાંતમા મહા ભયે મૃકંડુ પુત્ર વાસદા. પદે૦ ૩

લે ટળ્યા તદાજ દીઠું નીર તારૂં મેં જદા,
સુદેવ શૌનકે મૃકંડુ સૂત સેવ્ય સર્વદા;
ભવાબ્ધિ ફેર જન્મ દુઃખ ટાળનાર વર્મદા. પદે૦ ૪

સુદેવ દૈત્ય કિન્નરો અલક્ષ પૂજ્ય લક્ષધા,
જણાય નીર તીર ધીર લાખ પંખી બોલતાં;
વશિષ્ટ શ્રેષ્ઠ પિપ્પલાદિ કર્દમાદિ શાંતિદા. પદે૦ ૫

સનત્‌કુમાર નાચિકેત અત્રિ કશ્યપે હૃદે,
ધરેજ ભૃંગ નારદાદિ તારૂં પાદ પદમ તે;
રવી સુરંતિ દેવ ચંદ્ર ઇંદ્ર કાર્ય શાંતિદા. પદે૦૬
અજાણ જાણ લાખ પાપ લક્ષવેધી આયુધે,
અનેક જીવ જંતુ ને તું ભુક્તિ મુક્તિદા બુધે;
વિરંચી વિષ્ણુ શિવ ને સ્વશક્તિ રૂપ વર્મદા. પદે૦૮
અહો સુઆ શુણ્યા કદાપિ ગંગને મહા તટે,
શઠો નટો કુભિલ્લ વિપ્ર પંડીતો ન ભવતટે;
કુપાપ તાપ શાપ હારિ સર્વ જંતુ શાંતિદા. પદે૦૮
ત્રિકાલ રામ નર્મદાષ્ટકે મણિ ભણે સદા,
નિરંતરે ગતિ ખરાબ પામશે ન તે કદા;
મહેશ ધામ શ્રેષ્ઠ પામશે જ દેહ દુર્લભે,
ફરી ન જન્મ થાય રૈરવે ન જાય તે શુભે. પદે૦૯

નર્મદાષ્ટક સમાપ્ત.

॥ ૐ ॥

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ૐ॥

નારાયણ કવચસ્તોત્ર

સંગીત.

પદ ૧ લું રાગ ગીતી.

પરિક્ષીત—જે ગુપ્તે રિપુ સેના, વાહન સહ રમતે રમતે જીતી;
ઇંદ્રે ત્રિલોક લક્ષ્મી, અહા ભોગવી ત્રાસ ગયા વીતી. ૧
આતાયીને જીત્યા, જે ગુપ્તે નારાયણુ કવચે શ્રી;
હે! ભગવાન મને તે કહો કૃપાથી મટેજ સંદેહા. ૨
શુકદેવજી—નવા પુરોહિત કરીને, ઇંદ્રે પુછયું કહ્યું વિશ્વરૂપે;
અહિં એક મનથી તું, નારાયણુ તે કવચ શુણુ રૂપે. ૩

પદ ૨ જું રાગ ઓધવજી સંદેશો.

વિશ્વરૂપ—આવે ભય કોઇ ત્યારે કર પગ ધોઇને,
લઇ આચમન પવિત્ર થઇને ખાસજો;
ઉત્તર મુખે બેસીને મંત્રોવડે
કરવા કરના તથા અંગના ન્યાસજો. આવે૦ ૧
વાણી કબજે કરી શુચી થઇ રહેરવું
નારાયણમય કવચ ધરીને હેતજો

ॐ નમો નારાયણાય એ મંત્રથી
બે પગ બે ગોઠણુ બે સાથળ પેટજો. આવે૦ ૨

હૃદય છાતી મુખ મસ્તકમાં ઓંકારને,
આદિ લઈને સવળા ક્રમથી ન્યાસજો;
કે ય કાર આદિ લઇ એ અવળે ક્રમે,
અવળ અનુક્રમ અંગે કરવો ન્યાસજો. અવિ૦ ૩

ॐ નમો ભગવતે વાસુદેવાય એ
દ્વાદશ અક્ષર મંત્રવડે કર ન્યાસજો;
અકેક અક્ષર ॐ કારે સંપુટથી
આંગળી અંગુઠાની અણીમાં ન્યાસજો. અવિ૦ ૪
તે પછી ॐ વિષ્ણુવેનમઃ એ મંત્રથી,
ॐકારે હૃદયે મસ્તકે વિકારજો;
ષકાર ભ્રકુટી મધ્ય શિખામાં ણુ કારનો
વે નેત્રે સહુ સંધિમાં ન કારજો. અવિ૦ ૫

ફટ્ અસ્રાય મ કારે દિગબંધ જોડવો,
પરમ શક્તિ ખટવાળા વિદ્યા તેજ જો;
તપો મુર્ત્તિ એ ધ્યાન યોગ્ય આત્મા તણું,
ધ્યાન કરી નીચેના મંત્ર વદેજ જો. આવે૦ ૬
ॐ હરિ ગરૂડ પીઠે પગ ધારીને રહ્યા,
આઠ ગુણોને આઠ ભુજા બળવાનજો;

શંખ ચક્ર અસિ ઢાલ ગદા ધનુ પાશને
ધારી મમ રક્ષા કર સર્વે મહાનજો. આવે૦ ૭

જળ જંતુરૂપ વરૂણ પાશથી પાણીમાં,
મત્સ્યાવતાર રક્ષા કરજો નાથજો;
માયાથી બટુ વામન સ્થળમાં રક્ષજો,
વિશ્વરૂપ એ ત્રીવિક્રમ હયે સાથજો. આવે૦ ૮

અટ્ટહાસથી દિશા ગાજી ગર્ભો ગળ્યા,
રાક્ષસીઓના તે નૃસિંહ ભગવાનજો;
સંગ્રામે વન ભયંકર રસ્તે તે કરો,
રક્ષા મારી દૈત્ય શત્રુ શ્રીમાનજો. આવે૦ ૯

યજ્ઞરૂપ ભૂધ્ધારક નિજ દાઢથી,
મને રક્ષજો વરાહ પંથે ન્હાયજો;
પરશુરામ ગિરિશૃંગે રામ પ્રવાસમાં,
લક્ષ્મણજી સહ મારી કરો રક્ષાયજો. આવે૦ ૧૦

પદ ૩ જું. રાગ જાણ્યું જાણ્યું હેત૦

ઉગ્ર ધર્મ સૌ પ્રમાદથી નારાયણ રે લોલ,
હાંસીથી નર યોગ નાશથી દત્ત જો;
યોગેશ્વરને ગુણના ઇશ કપિલજી રે લોલ;
કર્મબંધથી રક્ષો હા! ઉદ્ધત જો. ૧

કામદેવથી સનત્કુમાર બચાવજો રે લોલ,

દેવતાણા અપરાધે હયગ્રીવ પંથ જો;
પ્રભુ સેવા વિઘ્નેથી નારદ કૂર્મજી રે લોલ,
બચાવ કરજો ટાળી નરકના પંથ જો. ઉગ્ર૦ ૨

ધન્વંતરી પ્રભુ કુપથ્યથી રક્ષા કરો રે લોલ,
દ્વંદ્વ ભયે ઇંદ્રિય જીત રૂષભ દેવ જો;
યજ્ઞ પ્રભુ લૌકિક અપવાદે શેષજી રે લોલ;
સર્પ થકી જનથી રક્ષો બળદેવ જો. ઉગ્ર૦ ૩

રક્ષા કરજો વ્યાસ પ્રભુ અજ્ઞાનથી રે લોલ,
ગફલતથી પાખંડ ગણે બુધ દેવ જો;
કાળ મેલ કળીથી ધર્મોના રક્ષણે રે લોલ;
અવતરનારા રક્ષો કલ્કી દેવ જો. ઉગ્ર૦ ૪

પ્રભાતમાંજ ગદાથી કેશવ રક્ષજો રે લોલ,
હરેક પ્રહરે વેણુધર ગોવિંદ જો;
ઉન્નત શક્તિ નારાયણ પૂર્વાન્હમાં રે લોલ,
મધ્યાન્હે વિષ્ણુ ચક્રી ગોવિંદજો. ઉગ્ર૦ ૫

ઉગ્ર ધનુષવાળા મધુ હા ! અપરાન્હમાં રે લોલ;
ત્રણ રૂપે માધવજી સંધ્યા કાળ જો;
પદ્મનાભ એકજ અધરાતે રક્ષજો રે લોલ,
હૃષિકેશજી રક્ષો પ્રદોષ કાળ જો. ઉગ્ર૦ ૬

શ્રીવત્સ લાંચ્છન ધર ઇશ્વર રાતે પાછલી રે લોલ,

અસિધર ઇશ જનાર્દન ઉષાકાળ જો;
દામોદર સંધ્યા કાળેજ પ્રભાતમાં રે લોલ,
વિશ્વેશ્વર ભગવાન મુર્ત્તિ એ કાળજો ઉ૦ ૭

પ્રલય અગ્નિ સમ તિક્ષ્ણ ધારનાં ચક્ર તું રે લોલ,
ભગવાને મુકવાથી ફરી ચો ફેરજો;
બાળે ખડ અગ્નિ સહવાયુ જે રીતેરે લોલ,
શત્રુસેન મમબાળ બાળ તે પેરજો. ઉ૦ ૮

વજ્ર સ્પર્શ સમ તણખાવાળી હો ગદારે લોલ,
તું હરિ પ્રિય છો તેથી રાક્ષસ ભૂતજો,
વૈનાયક કુષ્માંડ યક્ષ ગ્રહ શત્રુનેરે લોલ;
દળી દળી ચુરા કર કર હર ભૂતજો૦ ઉ૦ ૯

કૃષ્ણે પુંક્યો ભીમ શબ્દ તું શંખ છે રે લોલ,
શત્રુ હૃદય કંપાવી યાતુ ધાનજો,
પ્રમથ પ્રેતમાતૃ પિશાચ બ્રહ્મ રાક્ષસોરે લોલ.
ભગાડ ભયથી ઘોર કુદૃષ્ટિવાન જો. ઉ૦ ૧૦

પદ ૪ થું રાગ સુંદરવરની ચુંદડી.

તીખી ધારાળાં ખડગ તું હરિ હાથ વડેજ પ્રેરાઇ,
મમ શત્રુના સેનનેરે, વાઢી નાખજ નાખતું ભાઇ;
મારી એજ પ્રાર્થના. ટેક૦ ૧

ચંદ્રમા સમ સો મંડળ સમી, હો વ્હાલી હરિની ઢાલ;
આપી શત્રુની આંખનેરે, ઢાંકી દે દુષ્ટ દષ્ટિ તું ટાળ મારી૦ ૨
સર્પ કેતુ પુરૂષો ગ્રહો, દાઢાળાં પશુ પાપ
અમને ભય જેથી થતોરે, અમારે સુખે નડનારા તાપ. મા. ૩
તે સઘળાં પ્રભુ નામનાં, કીર્ત્તન અસ્ત્ર માત્ર;
ઝટપટ ક્ષય પામી જજોરે, શુદ્ધ થઇએ પ્રભુ કૃપા પાત્ર;
સ્તુતિ કરાતા સ્તોત્રથી, ગરૂડે વેદ મય આપ. મા. ૪
વિષ્વક્સેન સ્વનામ થીરે, અમને ભયથી બચાવો અમાપ;
નામ રૂપ વાહન અને, આયુધ હરિનાં જેહ. મા. ૫
અમને સૌ આકૃત થકીરે, ખાસ બચાવજો કરીનેહ. મા. ૬
બુદ્ધિ ઇંદ્રિય મન તથા, પ્રાણ અમારા આજ;
ઉત્તમહરિના પાર્ષદોરે, સર્વ બચાવજો શિરતાજ. મા. ૭
જેમ અસત સત્ સર્વ આ, છે હરિરૂપ ખચિત;
તે સત્યેજ ઉપદ્રવોરે, સર્વે નાશ થજો; થજો હિત. મા. ૮
અભેદ દૃષ્ટિવાનને, ભેદ રહિત ભગવાન;
છે પણ નિજ માયા વડેરે, ચિન્હ ધારે આયુધ ભુષણવાન;
તે સત્યે સર્વજ્ઞ તે, વ્યાપક સર્વ સ્વરૂપ. મા. ૯
સર્વે દેશકાળે કરોરે, રક્ષા મારી ત્રિભુવન ભૂપ. ૧૦
નૃસિંહ નામ ગર્જન વડે, ટાળે લૌકિક બીક;
નૃસિંહનાજ પ્રભાવથીરે, ઝેર આદિ ગળી જાય ઠીક. મા. ૧૧

એ પ્રહલાદ ખૂણા વિષે, ઉંચે નીચે બહાર;
અંદર ચારેકોર તેરે, રક્ષા કરજો મારી વારંવાર. મા. ૧૨

પદ ૫ મું રાગ શું નટવર વસંત થે થે.

ઈંદ્ર નારાયણ કવચ આ કહ્યું તને ખરૂં,
કહ્યું તને ખરૂં, તું હિલે ધાર તે ખરૂં. ઈંદ્ર૦ ટેક.
ધારી તેજ પ્રતાપથી, મહાન શત્રુ સેન;
દૈત્યોને જીતીશ તું, સહજ થશે સુખચેન.
આ ધરીને કોઇ સામું જોય જો ખરૂં
જોય જો ખરૂં અડે પગેથી જો ખરૂં. ઇંદ્ર. ૧

તે પણ સર્વે ભય થકી, છુટે છે તતકાળ
આ ધારકને ભય કદી, નડે ન કોઇ પણ કાળ.
રાજ ચોર વાઘ ગ્રહો નહી નડે ખરૂં,
નહી નડે ખરૂં કહું છું એ ખરેખરૂં. ઇંદ્ર. ૨

વિદ્યા આ ધર પૂર્વ કોઇ, હતો વિપ્ર કૌશિક;
મરૂ દેશે તન છોડીયું, યોગ ધારણે ઠીક.
એકદા વિમાન ત્યાંજ નીકળ્યું ખરૂં;
નીકળ્યું ખરૂં પતિ ગંધર્વનું ખરૂ, ઇંદ્ર. ૩

સ્ત્રીઓવડે વીટાયેલો, ચિત્રરથી તે સ્થાન;
વિપ્ર ક્ષયે આવ્યો તદા, નીચું પડીયું વિમાન.

અધોશિરે પડયો ચકિત તે થયો ખરૂં,
તે થયો ખરૂં, વિમાસતો મને ખરૂં. ઇંદ્ર. ૪
વાલખિલ્યના વચનથી, તે દ્વિજ અસ્થિ લઈ;
પ્રાચિ સરસ્વતિ નાખીયાં, સ્નાન કર્યું ત્યાં જઈ.
તે સ્વધામે શક્તિ ફરી રળી ગયો ખરૂં;
રળી ગયો ખરૂં વિમાન સંચર્યું ખરૂં. ઇંદ્ર. ૫

પદ ૬ ઠું. રાગ હરીગીત.

શુકદેવજી-જે આ કવચને યોગ્ય કાળે સાંભળે સહુ આદરે,
અથવા ધરે તેને બધાં, પ્રાણી નમેજ ખરેખરે;
ભય સર્વથી મુકાય પોતે શાંતિ પામે સર્વદા,
આ કવચ નારાયણ તણું, અફળાજ થાયે ના કદા. ૧

વળી આજ વિદ્યા વિશ્વરૂપ કનેથી ઇંદ્રે મેળવી,
સૌ દૈત્ય જીતી યુદ્ધમાં, ત્રૈલોક્યં કીર્તિ મેળવી;
નેઅચળ કીધું રાજ્ય મણિમય રામ નામ પ્રતાપથી,
આ જે ભણે જ ધરે શુણે, છુટો બધા સંતાપથી. ૨

નારાયણ કવચ સ્તોત્ર સંગીત ભાષાંતર સમાપ્ત
॥ ૐ ॥

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ચતુઃશ્લોકી ભાગવતનું સંગીત

ભાષાંતર.

પદ ૧ લું. રાગ પુનમ ચાંદની.*

અતિશય છાનું મારૂં જ્ઞાન સહિત વિજ્ઞાન જેરે,
તેનાં સાધન અંગ રહસ્યો ભક્તિ રૂપ;
હું કહું તે સાંભળીને વર્ત્તન પણ તેવું કરો રે. ટેક.

હું જેવો જેહ સ્વરૂપ, સત્તા જેવી છે;
ગુણ મારાં કર્મો રૂપ, વાતો કહેવી છે.
એ રીતે વિજ્ઞાન બધાં તત્વોનું જે કહું રે;
મમ અનુગ્રહથી થી થાજો સર્વે તમને પ્રાપ્ત. હું. ૧

આ સૃષ્ટિ પહેલો હુંજ, એક હતો સત્યે;
મારા વિણ બીજું ના, હતું જ અસત્યે તે.
સૌ જાતાં અવશેષ રહે તે તત્ત્વ જ હું છું રે;
સૌ પાછળ હું રહું છું તેથી સર્વે હું જ; હું. ૨

જૂઠું જગ સાચા રૂપ, આ જે ભાસે છે;

---

*પેહેલું પાડેલી લીટીઓન "ઝૂલ"ના રાગમાં ગાવી.

ને આત્મા સત્ય સ્વરૂપ, મિથ્યા ભાસે છે.
માયા તે મમ આત્મતણી આ સર્વે જાણવી રે;
જેવો અંધારાનો જયમ થાતો આભાસ. હું. ૩

ભૌતિક ચીજોમાં ભૂત, ના પછીથી પેઠાં;
પણ મૂળ હતાં તે પંચ, આ નજરે દીઠાં.
તેમજ ભૌતિક ચીજે હું નથી પેઠો પાછળે રે;
પ્રથમેથી હું તેમાં વસતો સત્તારૂપ. હું. ૪

અન્વયથી સઘળે હું જ, વ્યાપક રૂપે છું;
તેમજ વ્યતિરેકે નિત્ય, સર્વ સ્વરૂપે છું.
જીગ્નાસુ આત્માના જનને માત્રજ એટલું રે;
અનુભવ વડીએ ખાસું તત્ત્વ જાણવા યોગ્ય. હું. ૫

એકાગ્રે રાખી ચિત્ત, પરમ સમાધિથી;
આ મતમાં રહેતાં સ્થિર, બચશો વ્યાધિથી.
હે ! અજ ! કલ્પ વિકલ્પ મોહ કદી નહી પામશો રે;
બાળકી રહેશો બનશો તદ્રૂપતા મણિરામ. હું. ૬

ચતુઃશ્લોકી ભાગવત ભાષાંતર સમાપ્ત.

॥ ૐ ॥

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ ॐ ॥

સપ્ત શ્લોકી ગીતાનું સંગીત

ભાષાંતર.

પદ ૧ લું રાગ પુનમ ચાંદની.*

ૐ એકાક્ષર જપતાં સ્મરતાં મુજને સર્વદા રે,
જે તન તજી જાયે તે, પરમ ગતિ એ જાય;
સપ્તશ્લોકી ગીતા સિદ્ધ શુણો આ સ્નેહથી રે ટેક.

તવ કીર્તિથી હૃષિકેશ, જગ અતિ હર્ષે છે;
અતિ પ્રેમે ડુબાડુબ, પ્રીતી વર્ષે છે.

ભયથી રાક્ષસ સર્વે દિશાઓમાં ભાગતા રે
સર્વે સિદ્ધ સમુહો નમતા તમને નાથ. સપ્ત. ૧

તેના પગ ચારે કોર, કર ચારે કોરે;
છે આંખો ચારે કોર, મૂખ ચારે કોરે.

ચારે કોરે માથાં કાન અરે આ લોક સહુ રે;
એથી વ્યાપિ રહેલા દેખાય છે દૃષ્ટ. સપ્ત. ૨

---

*પેહેલું પાડેલી લીટીઓને "ઝુલ"ના રાગમાં ગાવી.

નિયમે સૌ રાખણહાર, ઝીણાથી ઝીણો;
સર્વજ્ઞ અનાદિ રૂપ, સૂર્ય સમાં કીર્ણો.
સૌનો ધારક પર અજ્ઞાન થકી જ અચિંત્ય છે રે;
તેનું સ્મરણ કરે જે સાચા સ્નેહે નિત્ય. સપ્ત. ૩

છે જેનાં ઉંચા મૂળ, શાખાઓ નીચે;
આ અશ્વત્થ કહેવાય, છે અવ્યય નિશ્ચે.
વેદોના છંદો છે સુંદર જેનાં પાંદડાં રે
તેને જે જાણે તે વેદ તણો છે જાણ. સપ્ત. ૪

સૌ હૃદયે પેઠો હુંજ, સ્મૃત્તિ પણ મારાથી;
વળી જ્ઞાન તથા અજ્ઞાન, વિસ્મૃત્તિ મારાથી.
સૌ વેદે હું એકજ સત્ય જાણવા યોગ્ય છું રે;
વેદ તણો જ્ઞાતા હું, ને કર્તા વેદાંત. સપ્ત. ૫

મુજમાં મન વાળો થા, ભજી નમ મુજને તું;
તવ ચિત્તજ હુમાં જોડ, થા મમ શરણે તું.
એવી રીતે કરતાં મુજને પામીશ બાપલા રે;
સત્ય વદું હું દઉં મમ પદ શાશ્વત મણિરામ. સપ્ત. ૬

સપ્તશ્લોકી ગીતા સમાપ્ત.

॥ ૐ ॥

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સ્ત્રી કે પુરૂષ, શ્રીમંત કે ગરીબ સર્વેને અતિ ઉપયોગી
નિતિ વાંચનનો ઝરોઃ—

ગુજરાતી સંગીત રામાયણ.

(સવૈયા)

" કામધેનુ સમ છે **રામાયણ**, મનવાંછિત ફળને દેનાર;
પ્રભાવ ચિંતામણીના જેવા, કોણ ગુણો ઉભયથી કેનાર.
અદભુત ફુલવાડી રામાયણ, રામ ભ્રમરથી શોભે બેશઃ
રામાયણ જે ઘરમાં રહેતી, ભૂત પ્રેત ના કરે પ્રવેશ.

મંત્ર તંત્ર શકુનાવળી સઘળી, **રામાયણ**માં આવી જાય;
રામાયણ પર પ્રિત કરે તે, ભાગ્યશાળી મોટો કહેવાય.
ત્રેતા યુગના વાલ્મીક મુની તે, કલિયુગમાં થયા તુલસીદાસ;
મથન કર્યું વાલ્મીકનું તેણે, રચી રામાયણ સુક્ષ્મ ખાસ. "

આ પુસ્તક—ભકિતરસનું પૂર્ણ રીતે પોષણ કરનાર છે, એટલુંજ નહિં પણ સાહિત્ય શાસ્ત્રમાં બતાવેલા નવે રસથી ભરપુર છે. એક ચિત્તથી વાંચનારને પુસ્તક રસમાં ડુબાડી દઈ પ્રભુમાં તલ્લીન કરી દે છે. સ્ત્રીઓને સતીના ધર્મને સરલ માર્ગ બતાવી દે છે. પુરૂષોને એક પત્નીવ્રતનો ઉપદેશ આપે છે. પુત્રોને માતપિતાની આજ્ઞા પાળવાનો બોધ આપે છે. ભાઈઓને એક બીજા પ્રત્યે અત્યંત પ્રીતિ રાખી મોટા ભાઇને પિતાતુલ્ય માનવા શીખામણ દેછે. સ્વામી તથા સેવકની અરસપરસ રહેતી ફરજોનો ખરો ખ્યાલ આપે છે. અભિમાન તથા પરસ્ત્રી તરફની પ્રીતિ પાયમાલીનાજ પાયારૂપ બનવાનું સ્પષ્ટ બતાવી આપે છે. ટુંકામાં—સ્ત્રી પુરૂષોમાં સાંસારિક, માનસિક, નૈતિક, ધાર્મિક અને શારીરિક ઉન્નતિ થવામાં ' ગુજરાતી સંગીત રામાયણ ' નું વાંચન ઉમદા સહાય આપનારૂં છે. જ્યારે ' રામાયણ ' જેવા ગ્રંથનું વાંચન સ્ત્રી પુરૂષોમાં ઉત્તમ બુદ્ધિનો વિકાસ કરે એ દેખીતુંજ છે તો, જેઓ પોતાના ઘરનાં

નાનાં મોટાં સ્ત્રી પુરૂષોને પવિત્ર, સુશીલ, શ્રેષ્ઠ, કર્તવ્યપરાયણ જેવા ઇચ્છતા હોય—ગૃહ મન્દિરનો સમ્પૂર્ણ ઉદય ચાહાતા હોય તેવા દરેક સજ્જનને આ માનનિય ગ્રંથને ઘરમાં અવશ્ય રાખવો જોઇએ:—

ચાલુ જમાનાને અતિ પસંદ આવેલા અને નાની મોટી સ્ત્રીઓ પણ સારી રીતે જાણી શકે તેવા પુષ્કળ રાગોમાં ૧૨૫ વિષયવાળાં આ પુસ્તકમાં કાગળ ઉંચા વાપરવામાં આવેલા છે. પુસ્તકનું કદ ડેમી આઠ પેજી, પૃષ્ટ ૨૩૩. બાઇન્ડીંગ પાકું સોનેરી નામોવાળું હોઇ ગ્રંથના અગ્ર ભાગમાં શ્રી રામપંચાયતનનો રંગ બેરંગી ફોટો મુકવામાં આવ્યો છે. પુસ્તકની કીંમત રૂ. ૨ બે, વી. પી. ખર્ચ જુદું.

શ્રીમંત વડોદરા સરકારે લાયબ્રેરી માટે મંજુર કરેલું,

જ્ઞાન વચન.

વ્યવહારોપયોગી વિવિધ, ઉદ્યોગ, વિદ્યા, સુખદુઃખ, કરકસર, મોટુંમન, સખાવત, દયા, સત્ય, પ્રમાણિકપણું, મુર્ખતા શેમાં? ખુશામત, ભલાઇ—ભૂંડાઇ, ચાલચલણ, રાજા, અધિકારી, પ્યાર આશ્રયરહિત મનુષ્ય. ક્ષમા, નિન્દા, સમયનું ફળ, માતા પિતાની સેવા, સંતાપ, ગાયન, ખુબસુરતી, વાંચન, તંદુરસ્તી, ઉત્તમતાનો હેતુ, સોબત, માતા પિતાએ ખાસ જાણવાજોગ, ખાસ સ્ત્રીઓ માટે ઉપયોગી, વગેરે વગેરે માટે જુદા જુદા વિદ્વાનોનાં—પુસ્તકોના ભિન્ન ભિન્ન બોધ વચનોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અને તેથી તે શ્રીમતને સલાહકારક, દરિદ્રિને દિલાસારૂપ, આશા રહિતને આશારૂપ અને અધિકારીને મિત્રરૂપ થઈ પડે છે. **જેથી જ્ઞાનના એક લઘુ ભંડારની** આ પુસ્તકને ઉપમા આપીએ તો આપી શકાય. મતલબ શ્રીમંત કે ગરીબ દરેકને કંઇ કંઇ તેમાંથી નિતિ જ્ઞાનનું નવું શીખવાનું મળે છે. કિં. આના ચાર. વી. પી. ખર્ચ જુદું

☞ પુસ્તકો મળવાનું ટેકાણું:—(**લેખક અને પ્રકાશક**)

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ, ટાઇપિસ્ટ, જુનાગઢ, (કાઠીયાવાડ.)

આ પુસ્તકના લેખકોથી લખવામાં આવેલ.

શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું

સંગીત ગુજરાતી ભાષાંતર.

ભક્તજનોને અમૂલ્ય, અમૂલ્ય નહિ સ્વીકારવા ઇચ્છાતાજનોને યથેચ્છ મૂલ્યે;—તથા બ્હારગામથી મંગાવનારને માત્ર ૦—૧—૦ ની ટીકીટ પોસ્ટ ખર્ચ માટે મોકલેથી અમૂલ્ય નીચેને શીરનામેથી મળશી.

બ્હેન કુંકા નેમચંદ (પ્રસિદ્ધ કર્તા) ઠે. નાગર ફળીઆ વેરાવળ (કાઠીયાવાડ)	અગર— ઠક્કુર પુરૂષોત્તમ નાનજી રામવીણાના પ્રકાશક મુ. કેશોદ (કાઠીયાવાડ)

રામવીણા સંબંધીના કેટલાક સાક્ષરોના અભિપ્રાયની ટીપણ.

આરંભથી તે અંત સુધી ઘણુંજ રસમય ખૂબીદાર કાવ્યોથી ભરપુર—કાવ્યો સરળ પણ શિષ્ઠ ભાષામાં સચોટ તથા અતિશય અસરકારક છે.—કવિતાની પ્રેરણા સહજ તથા નૈસર્ગિક, વિચાર શ્રેણી ઉચ્ચ, અને હૃદય ભાવનાઓ શ્રેષ્ઠ કોટિની પ્રકટ થતી જોવામાં આવે છે.—આ બાલ સ્ત્રી પુરૂષોએ સદા વાંચન તથા મનન કરવા યોગ્ય છે. પદોમાં ધ્વાર નવાર કાઠીઆવાડના રાષ્ટ્રિય સાહિત્યની ભભક સૌંદર્યતા થા રસજ્ઞતા વધારે છે. ધાર્મિક મતમતાંતરોવાળા બોધથી પુસ્તક તદન મુક્ત છે. રાગ રાગણીની તાલીમ લેવાની વ્યાયામશાળા.

જાહેર ખબર.

તૈયાર છે ! વ્હેલો તે પહેલો ! તૈય

ચોરવાડકર પ્રભુલાલ પ્રીતમલાલ પઢિયાર કૃત

રામવિણા.

જ્ઞાન વૈરાગ્ય અને ભકિત વિષયક વિવિધ મધુર ૧૦૫૦ ભજનોનું ૫૦૦ પૃષ્ઠનું સુંદર કાગળ પર છાપેલ અક્ષરથી વિભૂષિત મજબુત કપડાના પુઠાં વાળું " રામવ નામક પુસ્તક તૈયાર થઈ બહાર પડેલું છે. શ્રીમરોડા, જુનાગ નનગર, વિ. આગળી સંસ્થાનના કેળવણી ખાતા તરફથી શાળા—પુસ્તકાલય તથા ઇનામ માટે મંજુર થયેલું છે તથા ઉત્તેજન પામેલું છે. સાક્ષરો તરફથી પ્રશંસા પામેલું છે તથા ભક્તજનો જ્ઞાન વૈરાગ્ય અને ભકિત વિષયક પદોની ભભકનો ઉપભોગ લેતાં તૃપ્ત થતા નથી. થોડાજ વખતમાં પ્રથમાવૃતિની ઘણી ખરી પ્રતો વ્હેંચાણ થઇ ગઇ છે હવે માત્ર જુજ પ્રતો બચત છે માટે જેને મંગાવવા ઇચ્છા હોય તેણે તુરત નીચેને સીરનામે તાકીદથી લખી મંગાવી લેવા વિનંતિ છે.

ઠક્કુર પુરૂષોત્તમ નાનજી	રા. રા. નથાનથરાય ઇચ્છાશંકર
રામવીણાના પ્રકાશક,	કીકાણી.
મુ. કેશોદ	બજારફળીઆ, મુ. જુનાગઢ.
(કાઠીઆવાડ)	(કાઠીઆવાડ.)

મુલ્ય રૂ. ૧।। પોણા બે. પોસ્ટેજ જૂદું. સાત પ્રતો એક સાથે ખરીદનારને જ એક પ્રત વિના મુલ્ય ભેટ તરીકે આપવામાં આવશે રોકડ વટાવ કાપી આપવામાં આવશે નહિ. તેમજ સાત પ્રતથી ઓછી પ્રત માટે કંઇ પણ કમીશન આપવામાં આવશે નહિ.